પૂર બાદ નવસારીમાં કુદરતી પાણીના વહેણને ખુલ્લો કરવાની કામગીરી શરૂ

## પૂર માટે જવાબદાર દબાણો 'દૂર'

**નિરાલી** હોસ્પિટલ નજીક કાંસ પરના અવરોધો દૂર કરાયા બાદ અન્ય સ્થળોએ સરવે બાદ કાર્યવાહી

**વરસાદી** પાણીના કુદરતી વહેણને સુગમ બનાવવા કાંસ પરના પાકા બાંધકામો પર બુલડોઝર ફેરવાયું



નવસારીમાં તાજેતરમાં પડેલા ભારે વરસાદ અને પૂર જેવી સ્થિતિ સર્જાયા બાદ, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વરસાદી પાણીના નિકાલ માટેના પ્રયાસો તેજ કરવામાં આવ્યા છે. શહેરમાં પાણીના કુદરતી વહેણમાં આવતા અવરોધો દૂર કરી ભવિષ્યમાં પાણી ભરાવાની સમસ્યાને રોકવા માટે આક્રમક અભિયાન શરૂ કરાયું છે.

આ અભિયાન અંતર્ગત નેશનલ હાઈવે-૪૮ નજીક આવેલી નિરાલી હોસ્પિટલના પ્રવેશદ્વાર પાસે કાંસ પર થયેલા કેટલાક પાકા બાંધકામો અને ગેરકાયદે અવરોધો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પ્રાંત અધિકારીની દેખરેખ અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે જેસીબી અને બુલડોઝરની મદદથી હાઈવેથી આશરે ૪૦ મીટરના વિસ્તારમાં તથા ડ્રેનેજ ખાડી અને કુદરતી કાંસના દાયરામાં આવેલા દબાણોને હટાવી પાણીના નિકાલ માટેનો માર્ગ ખુલ્લો કરવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરના ભારે વરસાદને કારણે નવસારીમાં અંદાજે ૧.૫ લાખ લોકો પ્રભાવિત થયા હતા અને જનજીવન અસ્તવ્યસ્ત બન્યું હતું. આ ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર અને જનપ્રતિનિધિઓની બેઠકમાં પાણીના કુદરતી માર્ગોની સમીક્ષા કરવાનો નિર્ણય લેવાયો હતો. તંત્ર દ્વારા હવે શહેરના અન્ય વિસ્તારોમાં પણ પાણીના વહેણમાં અવરોધરૂપ બનતા દબાણો અંગે સર્વેની કામગીરી ચાલુ છે અને જ્યાં પણ જરૂર જણાશે ત્યાં નિયમોનુસાર કડક કાર્યવાહી કરવામાં આવશે. તંત્રની આ સક્રિય કામગીરીથી આગામી સમયમાં નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલમાં મોટો સુધારો થવાની પૂરી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

પેટ્રોલ પંપ અને શ્રી ક્રિષ્ના મિલ્સની કમ્પાઉન્ડ વોલ તોડી મનપાની કાર્યવાહી

## કબીલપોરમાં કુદરતી કોતરમાં નડતરરૂપ બાંધકામો હટાવાયા

**નવસારી** મનપાની નોટિસની સમયમર્યાદામાં દસ્તાવેજો રજૂ ન થતાં પોલીસ બંદોબસ્ત સાથે કાર્યવાહી



નવસારીઃ ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યા ઘટાડવા નવસારી મહાનગરપાલિકાએ કુદરતી કાંસ-કોતર અને પાણીના વહેણને ખુલ્લા કરવાની કામગીરી શરૂ કરી છે. તેના ભાગરૂપે કબીલપોરમાં બે સ્થળે પાણીના કુદરતી વહેણમાં અવરોધરૂપ બાંધકામો દૂર કરવામાં આવ્યા હતા.

કબીલપોર ખાતે પેટ્રોલ પંપની જગ્યાને અડીને આવેલી કુદરતી કોતરમાં બનાવાયેલી રીટેઈનિંગ વોલ અને કમ્પાઉન્ડ વોલ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. આ ઉપરાંત ગ્રીડ નજીક આવેલી શ્રી ક્રિષ્ના મીલ્સ લીમીટેડની જગ્યાને અડીને કુદરતી કોતરમાં બનાવાયેલી વોલ પણ દૂર કરવામાં આવી હતી.

મનપાના ટાઉન પ્લાનિંગ વિભાગે બંને સ્થળોના સંચાલકોને ૧૧ ઓગસ્ટે નોટિસ પાઠવી જરૂરી દસ્તાવેજો અને બાંધકામ અંગેના આધાર રજૂ કરવા જણાવ્યું હતું. સમયમર્યાદામાં સંતોષકારક દસ્તાવેજો રજૂ ન થતાં મનપાની ટીમે પોલીસ બંદોબસ્ત સાથે જેસીબીની મદદથી બંને સ્થળે ડિમોલિશન કાર્યવાહી હાથ ધરી હતી.

### સંક્ષિપ્ત સમાચાર

#### પારડીમાં શ્રાવણ માસના પ્રથમ સોમવારે શિવાલયોમાં ભક્તોનું મહેરામણ ઉમટ્યું




પારડી : પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારે પારડી સ્થિત વિવિધ શિવાલયો અને મંદિરોમાં વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી. શ્રદ્ધાળુઓએ ભગવાન શિવને બીલીપત્ર, પુષ્પ, જળ અને દૂધનો અભિષેક કરી ધન્યતા અનુભવી હતી. આ સાથે જ આજે નાગપંચમીનો પવિત્ર તહેવાર હોવાથી મંદિરોમાં વહેલી સવારથી જ વિશેષ પૂજા-અર્ચના યોજાઈ હતી. પારડી તળાવની પાળ સ્થિત આવેલ પ્રાચીન વૈજનાથ મહાદેવ મંદિર, એકલિંગી મંદિર અને આસપાસના વિસ્તારના શિવાલયોમાં ભક્તો દર્શનાર્થે લાઇન લગાવીને ઊભા રહી ગયા હતા. 'ઓમ નમઃ શિવાય' અને 'હર હર મહાદેવ' ના પવિત્ર નાદથી શિવાલયો ગુંજી ઉઠ્યા હતાં. ભક્તોએ મહાદેવના ચરણોમાં શીશ નમાવી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. શ્રાવણના પ્રથમ સોમવારની સાથે નાગપંચમીની તિથિનો પણ શુભ સંયોગ રચાયો છે. આ પ્રસંગે મહિલાઓ અને બહેનોએ નાગદેવતાની વિધિવત પૂજા-અર્ચના કરી હતી. બાળકો તથા પરિવાર પર સર્પ ભય ન રહે અને સૌનું કલ્યાણ થાય તે માટે વિશેષ પ્રાર્થના કરવામાં આવી હતી.

#### ચીખલી તાલુકાના શિવાલયો ભક્તોથી ઊભરાયા




ઘેજ : ચીખલી તાલુકાના વિવિધ ગામોમાં પવિત્ર શ્રાવણના પ્રથમ સોમવારે શિવાલયો ભક્તોથી ઉભરાયા હતા અને હર હર મહાદેવનો નાદથી ગુંજી ઉઠ્યા હતા. શ્રાવણ માસના પ્રથમ સોમવારે શિવાલયોમાં ભજન સપ્તાહ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો શરૂ થતાં ભાવિક ભક્તો ભક્તિના રંગમાં રંગાયા છે. તાલુકાના મજીગામ સ્થિત પૌરાણિક સ્વયંભૂ શ્રી મલ્લિકાર્જુન મહાદેવજીના મંદિર કેમ્પસમાં તાજેતરમાં સુવિધામાં વધારો કરવામાં આવ્યો છે. ચીખલી કાવેરી નદીના રિવરફ્રન્ટ સ્થિત પેશ્વા સમયના ત્રણ શિવલિંગ ધરાવતા શ્રી મલ્હારેશ્વર મહાદેવજી મંદિર અને ત્યાં ૩૦-ફૂટ ઊંચી શિવજીની પ્રતિમાના દર્શનાર્થે ભક્તો ઉમટ્યા હતા, ઉપરાંત કાવેરી નદીના તટે શ્રી તડકેશ્વર મહાદેવજી ખૂંધમાં પરશુરામ ભગવાન દ્વારા સ્થાપિત શ્રી સિધ્ધનાથ મહાદેવજી. મલિયાધરામાં મલેયસેશ્વર મહાદેવજી, ખૂંધમાં બગલાદેવ મંદિર સ્થિત શ્રી રામેશ્વર મહાદેવજી, તલાવચોરામાં શ્રી ભીમનાથ મહાદેવજી, શ્રી જગદીશ્વર મહાદેવજી, યોગેશ્વર મહાદેવજી, કુકરીમાં શ્રી ભુવનેશ્વર મહાદેવજી ખરોલીમાં શ્રી રામેશ્વર મહાદેવજી મહાદેવજી, ઘેજ ગામે શ્રી પાતેશ્વર મહાદેવજી, ભરડા અને નાના ડુંભરિયામાં જલારામ ધામમાં મહાદેવજી, ઘેકટી ગામે કમલેશ્વર મહાદેવજી, ગોરગામ ટીમલી ફળિયા ત્રિદેવધામમાં શ્રી ભુતેશ્વર મહાદેવજી સહિતના શિવાલયોમાં ભક્તોએ ઉમટી ભોળાનાથને જળ અને દૂધનો અભિષેક કરી બિલ્વપત્ર, ધતુરાના ફૂલ વિગેરે ચઢાવી પૂજા-અર્ચના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે.

#### સાપુતારાના નાગેશ્વર મહાદેવ મંદિરે ભક્તોનું ઘોડાપૂર




સાપુતારા : ડાંગ જિલ્લાના પ્રખ્યાત યાત્રાધામ સાપુતારાના સર્પગંગા તળાવ કિનારે આવેલા પૌરાણિક નાગેશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રાવણના પ્રથમ સોમવાર અને નાગપંચમીના પવિત્ર અવસરે વહેલી સવારથી જ ભક્તોની ભારે ભીડ જામી હતી. મંદિરના પૂજારી શંકરબાબાના જણાવ્યા અનુસાર, સ્વયંભૂ પ્રગટ થયેલા આ શિવલિંગ પર નાગ દેવતા બિરાજમાન હોવાથી લોકો અઘધ આસ્થા ધરાવે છે. આ પર્વ નિમિત્તે સ્થાનિકો તેમજ પ્રવાસીઓએ પૂજન-અર્ચન કરી ધન્યતા અનુભવી હતી. સાપુતારા આવતા પ્રવાસીઓ પણ આ ધાર્મિક સ્થળના દર્શન કરવાનો લહાવો લે છે. શ્રાવણ માસના આ પાવન દિવસે શિવાલયો 'હર હર મહાદેવ'ના નાદથી ગુંજી ઉઠ્યા હતા અને ભક્તોએ આધ્યાત્મિક શાંતિનો અનુભવ કર્યો હતો.

#### ખેરગામમાં ૩૬ મીમી વરસાદ, પાંચ માર્ગો બંધ

નવસારી : નવસારી જિલ્લામાં ફરી એકવાર મેઘરાજાએ હેત વરસાવતા છ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જોકે, કેટલાક વિસ્તારોમાં વરસાદી પાણી રસ્તા પર ફરી વળતાં માર્ગ વ્યવહારને અસર પહોંચી છે. જિલ્લામાં ખેરગામ તાલુકો ૩૬ મીમી વરસાદ સાથે મોખરે રહ્યો હતો. ત્યારબાદ ચીખલીમાં ૨૦ મીમી, ગણદેવીમાં ૧૭ મીમી, નવસારીમાં ૧૬ મીમી, વાંસદામાં ૧૧ મીમી અને જલાલપોરમાં ૯ મીમી વરસાદ નોંધાયો હતો. નવસારી શહેરમાં બપોરના સમયે પડેલા વરસાદના જોરદાર ઝાપટાથી વાતાવરણમાં અચાનક ઠંડક છવાઈ ગઈ હતી અને લોકોને ઉકળાટમાંથી રાહત મળી હતી.

## પંચાયતની જાણ વગર હાઈ ટેન્શન વીજ લાઇનનો સરવે

**ચીખલીના** સારવણી ગામે ડ્રોન ઉડતા દહેશતનો માહોલ, સરપંચ અને આગેવાનીની સમય સૂચકતાથી ઘર્ષણ ટળ્યું




ઘેજ : ચીખલી તાલુકાના છેવાડાના સારવણી ગામમાં ગ્રામ પંચાયતની જાણ બહાર હાઈ ટેન્શન વીજ લાઇન માટે ખાનગી એજન્સી દ્વારા સર્વે હાથ ધરવામાં આવતા સ્થાનિકોએ વિરોધ કરી સર્વેની કામગીરી અટકાવી હતી.

સારવણીના વિઠ્ઠલવાડી વિસ્તારમાં શનિવારે એક વિશાળ ડ્રોન ઉડતુ જોવા મળતા અને ડ્રોનના અવાજથી કુતૂહલ સાથે દહેશતનો માહોલ ફેલાતા લોકો એકત્ર થઈ ગયા હતા. આ દરમ્યાન ડ્રોન ઓપરેટ કરનારની સ્થાનિકો દ્વારા કડક પૂછપરછ કરવામાં આવતા તેઓ નાગપુરથી હાઈ ટેન્શન વીજ લાઇનના સર્વે માટે આવ્યા હોવાનું જણાવ્યું હતુ.

જો કે ખાનગી એજન્સી દ્વારા કે સંબંધિત વિભાગ દ્વારા ગ્રામ પંચાયતને કોઈ આગોતરી જાણ કરવામાં ન આવેલી હોય ગ્રામજનો દ્વારા સર્વેની કામગીરી અટકાવી હતી. બાદમાં એજન્સીના સ્ટાફે જાણ કરતા સ્થળ પર પહોંચેલી પોલીસ સાથે એજન્સીનો સ્ટાફ રવાના થયો હતો. તાલુકામાં ભૂતકાળમાં ઘણીવાર વિવિધ પ્રોજેક્ટો માટે સ્થાનિક તંત્ર કે ગ્રામ પંચાયતને સર્વે પૂર્વે જાણ ન કરવામાં આવતા સ્થાનિકો સાથે ઘર્ષણના બનાવો બન્યા હતા તેમ છતાં આ વાતનું પુનરાવર્તન થઈ રહ્યું છે. સારવણી ગામે સરપંચ હિતેશભાઈ, આગેવાન સુનિલભાઈ સહિતનાની સમયસૂચકતાને પગલે ઘર્ષણ સર્જાયું ન હતુ. ત્યારે કોઈ પણ સર્વે પૂર્વ સ્થાનિક ગ્રામ પંચાયતને જાણ કરવામાં આવે તે જરૂરી છે.

## અકસ્માત થતાં કારનો ચાલક ટેમ્પોની ચાવી કાઢી ભાગી ગયો



**ખેરગામ** મેઈન બજારમાં વાહન અડકવા બાબતે વિવાદમાં ટ્રાફિકજામ સર્જાયો

### પોલીસ કાયદેસરની કાર્યવાહી કરે

ડેપ્યુટી સરપંચે જણાવ્યું હતું કે વ્યસ્ત માર્ગો પર આવા અવિવેકી વર્તનથી ટ્રાફિક વ્યવસ્થા બગાડનારાઓ સામે પોલીસ દ્વારા કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે, જેથી ભવિષ્યમાં આવા બનાવોની પુનરાવૃત્તિ અટકે.

ખેરગામ : ખેરગામ મેઈન બજારમાં સોમવારે બપોરના સમયે આઈશર ટેમ્પો અને સ્વીફ્ટ કાર વચ્ચે વાહન અડકવાની સામાન્ય બાબતે ઉગ્ર વિવાદ સર્જાયો હતો. આ તકરારને કારણે બજારમાં થોડા સમય માટે ટ્રાફિક વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી અને લોકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી.

મળતી માહિતી મુજબ, મેઈન બજારમાંથી પસાર થતી વખતે એક આઈશર ટેમ્પો પાછળના ભાગેથી સ્વીફ્ટ કારને અડી ગયો હતો. જેથી બંને વાહનચાલકો વચ્ચે બોલાચાલી બાદ મામલો ઉગ્ર બન્યો હતો. ઉશ્કેરાયેલા સ્વીફ્ટ કારના ચાલકે આઈશર ટેમ્પોની ચાવી કાઢી પોતાની પાસે રાખી ત્યાંથી ફરાર થઈ ગયો હતો, જેથી ટેમ્પોચાલક લાચાર બન્યો હતો.

બજારના સાંકડા માર્ગ પર ટેમ્પો વચ્ચોવચ ઊભો રહી જવાથી ધરમપુર અને ચીખલી તરફથી આવતા વાહનચાલકો તથા રાહદારીઓ ફસાઈ ગયા હતા. ટેમ્પોની ચાવી ન હોવાથી તેને હટાવવો અશક્ય બન્યો હતો. આ અંગે સ્થાનિક વેપારીઓએ ખેરગામ ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ જીગ્નેશ પટેલને જાણ કરતા તેમણે ખેરગામ પીઆઈને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી બેરીકેડ મૂકી રસ્તો બંધ કર્યો હતો અને ટ્રાફિકને અન્ય માર્ગ તરફ ડાયવર્ટ કરવાની તજવીજ હાથ ધરી હતી. આ ઘટનાથી વેપારીઓમાં રોષ જોવા મળ્યો છે.

### ચીખલીના બલવાડા હાઇવે પર વાહનની ટક્કરે અજાણ્યાનું મોત

ઘેજ : ચીખલીના બલવાડા ગામે નેશનલ હાઈવે સ્થિત અજાણ્યા વાહનની ટક્કરથી અજાણ્યા શખ્સનું મોત નીપજ્યું હતું. બલવાડા હાઈવેના ઓવરબ્રિજ પાસે વલસાડથી સુરત જતા ટ્રેક ઉપર અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને ગફળતભરી રીતે હંકારી લાવી હાઈવે સ્થિત એક અજાણ્યા ૩૦ થી ૩૫ વર્ષીય શખ્સને અડફેટે લેતા તેનું મોત નીપજ્યું હતું. ઉપરોક્ત ગુનાની ફરિયાદ સ્થાનિક આગેવાન રાકેશ પટેલે કરતા પોલીસે વાહન ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ-આર.એન.વાડલે કરી રહ્યા છે.

## સેશન્સ કોર્ટે સજા પર રોક લગાવવાની સાંસદની અરજી ફગાવી

**દમણમાં ૨૦૧૧ના** સરકારી કામમાં અવરોધ કેસમાં નીચલી કોર્ટનો ચુકાદો યથાવત્

દમણ : સંઘપ્રદેશ દમણ-દીવના અપક્ષ સાંસદ અને પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખને વર્ષ 2011 ના સરકારી કામકાજમાં અવરોધ ઉભો કરવા બદલ દાખલ થયેલા કેસમાં નીચલી અદાલતે સંભળાવેલી સજાના રોક માટે સાંસદે સેશન્સ કોર્ટમાં દાખલ કરેલી અરજીને કોર્ટે ફગાવી નીચલી અદાલતના ચુકાદાને યથાવત રાખ્યો છે. 12 માર્ચ 2011 ના રોજ મોટી દમણના સ્પોર્ટ્સ ક્લબના ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે એક્સાઈઝ સબ ઈન્સ્પેક્ટરની શારીરિક પરીક્ષા ચાલી રહી હતી. આ દરમ્યાન ઉમેશ પટેલ અને સુરેશ ઉર્ફે સુખા જગુ પટેલ સહિત અન્ય 2 વ્યક્તિઓ પોલીસ સાથે બોલાચાલી કરી બળજબરીપૂર્વક પરીક્ષા સ્થળે પ્રવેશ કરી ફરજ પરના પોલીસ કર્મચારીઓની કામગીરીમાં અવરોધ ઉભો કર્યો હતો. તેમજ પરીક્ષા કમિટી સમક્ષ ઉમેદવારની ભલામણ કરવાનો પ્રયાસ કરી હોબાળાનો ફરિયાદમાં ઉલ્લેખ કરાયો હતો. આ મામલે એડિશનલ એ.પી. જગમોહનદાસ સિંહની ફરિયાદના આધારે દમણ પોલીસે ગુનો દાખલ કર્યો હતો. આ કેસ સંદર્ભે 1 ઓગસ્ટના રોજ દમણની નીચલી કોર્ટમાં સુનાવણી હાથ ધરાતા જેમાં ચીફ જ્યુડિશયલ મેજિસ્ટ્રેટ પ્રણિતા પી. ભરસાકડે વાઘે ઉમેશ પટેલ અને સુરેશ પટેલને દોષિત ઠેરવી 2 વર્ષની સાદી કેદ અને રૂપિયા 5 હજારના દંડની સજા ફટકારી હતી. જો કે, નીચલી અદાલતના ચુકાદા બાદ સાંસદ ઉમેશ પટેલે સજાના અમલ પર રોક માટે સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. જ્યાં દમણ પ્રિન્સિપલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટના જજ આર.એસ.તિવારીએ અરજીને ફગાવી દેતા સજાને યથાવત રાખી હતી. હવે સાંસદ ઉમેશ પટેલ સેશન્સ કોર્ટના આ નિર્ણય બાદ આગામી કાનૂની રાહત માટે મુંબઈ હાઈકોર્ટનું શરણું લે તેવી શક્યતા હાલ વર્તાય રહી છે.

## કબીલપોરમાં માત્ર એક જ મહિનામાં ફરી ભૂવો પડયો

**મુખ્ય** માર્ગ પર ફરી જમીન ધસી પડતાં સ્થાનિકોની કાયમી ઉકેલની માંગ



નવસારીઃ નવસારી શહેરના વોર્ડ નં. ૫ હેઠળ આવતા કબીલપોર વિસ્તારમાં મુખ્ય માર્ગ પર એક જ મહિનામાં બીજી વખત ભૂવો પડતાં માર્ગની સ્થિતિ ફરી ચર્ચામાં આવી છે. અગાઉ પણ આ જ માર્ગ પર ભૂવો પડતાં એક વાન ફસાઈ હતી. હવે ફરી ભૂવો પડતાં સ્થાનિકો અને વાહનચાલકોમાં ચિંતા જોવા મળી રહી છે.

મુખ્ય માર્ગ પર દિવસ દરમિયાન વાહનોની સતત અવરજવર રહેતી હોવાથી ભૂવાના કારણે વાહનચાલકોને સાવચેતીપૂર્વક પસાર થવું પડી રહ્યું છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ અગાઉની ઘટનાના પગલે માર્ગની મરામત કરવામાં આવી હતી, પરંતુ થોડા સમય બાદ ફરી આવી સ્થિતિ સર્જાતા માર્ગની કામગીરી અને ભૂગર્ભ સુવિધાઓની તપાસ કરવાની જરૂરિયાત જણાઈ રહી છે.

સ્થાનિક રહીશો અને વેપારીઓએ પાલિકાને આ સ્થળે માત્ર તાત્કાલિક મરામત કરવાને બદલે ભૂવો પડવા પાછળનું કારણ શોધી કાયમી ઉકેલ લાવવા રજૂઆત કરી છે. ખાસ કરીને ભૂગર્ભ ગટર અને પાણીની લાઈનોની સ્થિતિની તકનિકી ચકાસણી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

વારંવાર માર્ગ પર આવી સ્થિતિ ન સર્જાય અને વાહનચાલકો તથા રાહદારીઓની સલામતી જળવાઈ રહે તે માટે પાલિકા દ્વારા સ્થળની યોગ્ય તપાસ કરી જરૂરી કામગીરી કરવામાં આવે તેવી સ્થાનિકોની અપેક્ષા છે.

### છાપરા ગામે લિફ્ટ આપવાના બહાને વૃદ્ધાના રૂપિયા ૨.૮૦ લાખના દાગીનાની લૂંટ

નવસારીઃ છાપરા ગામની એક વૃદ્ધાને હાંસાપોર જવા માટે લિફ્ટ આપવાના બહાને બાઈક પર બેસાડી કંકેશ્વર મહાદેવ મંદિર લઈ જઈને સોનાના દાગીના તોડીને ફરાર થઈ જવાની ઘટના સામે આવી છે. સુમિત્રાબેન હાંસાપોર ખાતે દુકાનના ઉદ્ઘાટનમાં જવા નીકળ્યા હતા. છાપરા રોડ પર અજાણ્યા શખ્સે તેમને હાંસાપોર છોડવાનું કહીને બાઈક પર બેસાડી મંદિર પાસે લઈ ગયો હતો. ત્યાં વૃદ્ધાના ગળામાંથી રૂ. ૧.૬૦ લાખનો સોનાનો સેટ, રૂ. ૮૦ હજારની પેન્ડલવાળી ચેઈન અને રૂ. ૪૦ હજારની સોનાની ચેઈન મળી કુલ રૂ. ૨.૮૦ લાખના દાગીના તોડી લીધા હતા. વૃદ્ધાએ બૂમાબૂમ કરતા આરોપી મંદિર બહાર ઊભેલા તેના સાથીદાર સાથે બાઈક પર નાસી છૂટ્યો હતો. આ અંગે પોલીસે આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

### સંક્ષિપ્ત સમાચાર

#### વાંસદા પાટા ફળિયામાં સ્વતંત્ર પર્વ ઉજવાયો




વાંસદાઃ વાંસદા પાટા ફળિયામાં ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વાંસદા તાલુકા ભાજપના ઉપપ્રમુખ રાકેશભાઈ શર્માના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. વાંસદા આદિવાસી યુવા ગ્રુપ તથા પિયુષ પટેલ, ડો. લોચન શાસ્ત્રી અને સરપંચ ગુલાબ પટેલની આગેવાનીમાં કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં જિલ્લા, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતની ટીમો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સાંસદ ધવલ પટેલની ઉપસ્થિતિમાં વાંસદામાં બાઈક રેલીનું આયોજન કરાયું હતુ. સમગ્ર કાર્યક્રમ દરમિયાન દેશભક્તિનો માહોલ છવાયો હતો અને સૌએ ઉત્સાહભેર ભારત માતાની જયના નારા લગાવ્યા હતા.

#### દમણ જિલ્લા પંચાયતમાં સ્વતંત્ર પર્વની ઉજવણી



દમણ : સંઘપ્રદેશ દમણ જિલ્લા પંચાયત પરિસરમાં પણ 80મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લા પંચાયતના ઉપાધ્યક્ષા રીનાબેન પટેલે ધ્વજવંદન કરી પ્રદેશવાસીઓને સ્વાતંત્ર્ય દિવસની શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે તેમણે પ્રશાસકના કાર્યકાળ દરમ્યાન દમણ સહિત સંઘપ્રદેશમાં થયેલા માળખાકીય સુવિધાઓ અને વિવિધ ક્ષેત્રોમાં થયેલા વિકાસના કામોની જરૂરી જાણકારી પુરી પાડી હતી. આયોજિત કાર્યક્રમમાં બીડીઓ મિહિર જોષી સહિત જિ.પં. તથા વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા કર્મચારીઓ, જિ. પં. સભ્યો, વિદ્યાર્થીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતાં.

#### નાનાપોંઢા તાલુકા પંચાયતમાં પ્રથમ ધ્વજવંદન કરાયું



વલસાડ : નવા બનેલા નાનાપોંઢા તાલુકા પંચાયતમાં પ્રથમ પ્રમુખ મનીષા પટેલના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. તેમણે દેશને સ્વતંત્રતા અપાવનાર શહીદોને યાદ કર્યા હતા. તાલુકા વિકાસ અધિકારી પ્રીતેશ બારિયા, એ.પી.એમ.સી. ચેરમેન મુકેશ પટેલ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.